1. ચૂંટણી સુધારા અંગે નિમાયેલ કોઈપણ એક સમિતિનું નામ આપો.

- ચૂંટણી સુધારા અંગે દિનેશ ગોસ્વામી સમિતિની રચના થઈ હતી.

2. 'સ્ટેટ ફન્ડિંગ' એટલે શું?

- ''સ્ટેટ ફન્ડિગ'' એટલે રાજકીય પક્ષોને ચુંટણી સમયે રાજય તરફી મળતી વાહનો માટે પેટ્રોલ  ડીઝલના ખર્ચા, ચૂંટણી સાહિત્યના છાપકામના ખર્ચા કે અન્ય કોઈ પણ સ્વરૂપની નાણાકીય કે બિનનાણાકીય મદદ.

3. ભારતમાં ચૂંટણી કમિશનરની નિમણુક કોણ કરે છે?

- ભારતમાં ચૂંટણી કમિશ્નરની નિમણૂંક રાષ્ટ્રપતિ કરે છે.

4. ભારતમાં ચૂંટણી કમિશનરની નિમણુક કેટલા વર્ષ માટે કરવામાં આવે છે ?

- ભારતમાં ચૂંટણી કમિશ્નરના હોદાની મુદત છ વર્ષ માટેની છે.

5. સોશ્યલ મીડિયાના બે ઉદાહરણ આપો.

- SMS, ઈમેઈલ, ફેસબુક, વોટ્સઅપ વગેરે સોશ્યલ મીડિયા છે.

6. 'ઈલેક્શન' શબ્દ કઈ ભાષા પરથી લેવાયો છે ?

- ઈલેક્શન શબ્દ (Election) લેટિન ભાષા ''એલિગેરે'' (Eligere) શબ્દ ઉપરથી લેવાયો છે.

7. લોકશાહી શાસન વ્યવસ્થામાં સૌથી મહત્ત્વનો અધિકાર કયો છે ?

- લોકશાહી શાસન વ્યવસ્થામાં સૌથી મહત્ત્વનો અધિકાર ચૂંટણીમાં મત આપવાનો હક એટલે કે નાગરિકનો ''મતાધિકર''

8. વિદેશી યુદ્ધોને કારણે કયા  કયા રાજકીય પક્ષોને સત્તા પ્રાપ્ત થઈ હતી ?

- ભારતમાં 1971-72માં ભારતપાકિસ્તાન વચ્ચેના બાંગ્લાદેશના પ્રશ્ન યુદ્ધ પછી કોંગ્રેસ પક્ષને જ્યારે કારગિલ યુદ્ધ પછી ભાજપ (NDA)ને સત્તા પ્રાપ્ત થઈ હતી.

9. વર્તમાન સમયમાં રાજકીય નેતાઓની છબી બનાવવામાં કોન મહત્ત્વનો ભાગ ભજવે છે?

- વર્તમાન સમયમાં રાજકીય નેતાઓની છબી બનાવવામાં સોશ્યલ મીડિયાનો ફાળો મહત્ત્વનો છે.

10. ભારતીય સમાજમાં સૌથી વધુ પ્રભાવ કોનો છે?

- ભારતીય સમાજમાં સૌથી વધુ પ્રભાવ વિવિધ જ્ઞાતિઓ અને જાતિઓનો જોવા મળે છે.

11. વોટબેંક એટલે શું?

- રાજકીય પક્ષ જયારે ચોક્કસ જ્ઞાતિને પોતાના પક્ષમાં મતદાન કરે તે પ્રકારની યોજનાઓ તૈયાર કરે તો, તે જ્ઞાતિઓને વોટબેંક કહેવાય.

12. રાજકીય પક્ષો ઉમેદવારની પસંદગીની સાથે કયા દૂષણોને પોષે છે ?

- રાજકીય પક્ષો ઉમેદવારની પસંદગીની સાથે જ્ઞાતિવાદ અને કોમવાદને ઉત્તેજન આપે છે.

13. રાજકીય સામાજીકીકરણની મહત્ત્વની એજન્સી કઈ છે?

- કુટુંબ એ રાજકીય સામાજિકીકરણની મહત્ત્વની એજન્સી છે.

14. સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં મહિલાઓ માટે કેટલું પ્રતિનિધિત્વ અનામત રાખેલ છે.

- સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં મહિલાઓ માટે 33 % અનામતની જોગવાઈ છે. જે હવે 50 % કરેલ છે.

15. લોકશાહીમાં કઈ બાબતોનું અત્યંત મહત્ત્વ છે ?

- લોકશાહીમાં પવિત્રતા, નિષ્પક્ષતા અને તટસ્થતા જાળવવી જરૂરી છે.

16. ચૂંટણી કમિશનરોની નિમણૂક કેટલા વર્ષો માટે કરાય છે?

- ચૂંટણી કમિશનરોની નિમણૂક છ વર્ષ માટે અથવા 65 વર્ષની નિવૃત્તિ સુધીની ઉંમર સુધી હોય છે.

17. ભારતીય ચૂંટણીપંચની કઈ બાબત નોંધપાત્ર છે ?

- ભારતીય ચૂંટણીપંચ પોતાની સેવાના અનુભવોના આધારે વિશ્વના અન્ય દેશોમાં અને સંયુક્ત રાષ્ટ્રની વિવિધ ચૂંટણીમાં પોતાની સેવા આપી રહ્યા છે. જે નોંધપાત્ર કામગીરી છે.

18. ભારતમાં કેવા પ્રકારની લોકશાહીનો સ્વીકાર કર્યો છે?

- ભારતમાં પ્રાતિનિધિક લોકશાહીનો સ્વીકાર કરવામાં આવ્યો છે.

19. પ્રમાણસર પ્રતિનિધિત્વની પદ્ધતિ કોને કહે છે?

- ચૂંટણી દરમ્યાન જેટલા પ્રમાણમાં મત મળ્યા હોય એટલા પ્રમાણમાં બેઠકો મળે એવી વ્યવસ્થા એટલે પ્રમાણસર પ્રતિનિધિત્વ પદ્ધતિ.

20. ભ્રષ્ટ રાજકારણે કઈ કઈ બાબતો એ જન્મ આપ્યો?

- કાળાં અને ભ્રષ્ટ નાણાંએ ભ્રષ્ટ રાજકારણને જન્મ આપ્યો.

21. વિશ્વના કયા દેશોમાં સ્ટેટ ફન્ડિંગ અપાય છે?

- વિશ્વમાં જર્મની, ફ્રાન્સ, કેનેડા, ઈઝરાયેલ, જાપાન અને યુનાઈટેડ સ્ટેટસ ઓફ અમેરિકામાં સ્ટેટ ફન્ડિંગ અપાય છે.

22. E.V.M. નું પૂર્ણ રૂપ આપો.

- E.V.M. = Electronic Voting Machine

23. શાસનના ક્યાં સ્તરોની ચૂંટણીમાં ઉમેદવારોની બાળકોની સંખ્યાને કારણભૂત બનાવાઈ છે?

- સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓમાં બે કરતા વધુ બાળકો ધરાવતા નાગરિક ઉમેદવારી માટે ગેરલાયક ઠરે છે.

24. દેશનું રાજકારણ કોને કેન્દ્રમાં રાખી ઘડાતું હોય છે?

- દેશનું રાજકારણ દેશના લોકોના વિકાસને કેન્દ્રમાં રાખીને ઘડાતું હોય છે.

25. સંયુક્ત રાષ્ટ્રોના વિકાસ કાર્યક્રમ હેઠળ વિકાસનું આકલન કઈકઈ બાબતોને ધ્યાનમાં રાખીને થાય છે ?

- સંયુક્ત રાષ્ટ્રોના વિકાસ કાર્યક્રમ (UNDP) હેઠળ વિકાસનું આકલન શિક્ષણ, સ્વાસ્થ્ય, નાગરિકોનું જીવન ધોરણ, માથાદીઠ આવક વગેરે બાબતોના સૂચકઆંક દ્વારા થાય છે.

26. લોકશાહીની ફળશ્રુતિ શેમાં રહેલી છે?

- લોકશાહીની ફળશ્રુતિ દેશના નાનામાં નાના માણસના વિકાસમાં અને પ્રત્યેક નાગરિકના વિકાસમાં રહેલી છે.

27. રાજકીય પક્ષોની ભવિષ્યમાં સત્તા પર આવવાની તકો ક્યારે ઊજળી બને છે ?

- રાજકીય પક્ષો પોતાના કરેલા કાર્યો અને તેના શ્રેષ્ઠ કાર્ય દેખાવને કારણે ભવિષ્યમાં સત્તા પર આવવાની તકો ઉજળી બનાવી શકે છે.

28. ચૂંટણી પ્રચારના સંદર્ભમાં સૌ રાજકીય પક્ષોએ અને ઉમેદવારોએ શાનું પાલન કરવું જોઈએ ?

- ચૂંટણી પ્રચારના સંદર્ભમાં સૌ રાજકીય પક્ષોએ અને ઉમેદવારોએ આદર્શ આચારસંહિતાનું પાલન કરવું જોઈએ.

29. રાજકીય પક્ષોના કામકાજના નિયમનથી શો લાભ થઈ શકે?

- રાજકીય પક્ષોના કામકાજના નિયમનથી ચૂંટણી ક્ષેત્ર (રાજકારણ)માં પ્રવેશેલા અનિષ્ટો દૂર થઈ શકે છે.

30. ભારતીય રાજકરણને લાગુ પડેલો મોટો ચૂંટણી અંગેનો રોગ કયો છે ?

- રાજકારણનું અપરાધિકરણ એ ભારતીય રાજકારણને લાગુ પડેલો સૌથી મોટો રોગ છે.